# અમિત શાહના કાર્યક્રમ સંદર્ભે મંત્રી સોલંકી અને બાંભણિયાએ આગેવાનો સાથે કરી બેઠક

### અભિવાદન સમારોહના કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ઉમટી પડવા કરાયું આહવાન





તસવીર : ધવલ વાજા

ભાવનગર,તા.૧૯

આગામી ૨૦ નવેમ્બરે, આદરણીય કેન્દ્રીય ગૃહ તેમજ સહકાર મંત્રી અમિતભાઈ શાહ તેમજ નવનિયુક્ત પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા ભાવેણાની ધરતી પર પધારી રહ્યાં છે ત્યારે તેમના અભીવાદન સમારોહ સ્થળ પર સુચારુ વ્યવસ્થાપન અને આગમનની તૈયારી માટે મંત્રી પરષોત્તમભાઈ સોલંકીએ ભાવનગરના મીરાં કુંજ ખાતે આગેવાનો-કાર્યકરો સાથે ખાસ મીટીગ યોજી હતી.

મંત્રી સોલંકીએ કહ્યું કે આપને જે રીતે અનુકૂળ હોય એ રીતે અભિવાદન સમારોહ હાજર રહેવાનું છે.તેમણે પોતાની વાત વધુને વધુ લોકો સુધી પહોંચાડવા આહ્વાન કર્યું હતું.

આ બેઠકમાં કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણિયા પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને અભિવાદન સમારોહ તેમજ કાર્યાલય ઉદ્ઘાટન કાર્યક્રમની પૂર્વ તૈયારીરૂપે ૧૦૩ - વિધાનસભાના કાર્યકર્તાઓ સાથે બેઠકનું આયોજન કરી અંગે જરૂરી માર્ગદર્શન સહ સૌ સાથે સંવાદ કર્યો હતો.

ભાવનગર જિલ્લા ભાજપ પ્રમુખ દિગ્વિજયસિંહ ગોહિલ, પ્રભારી બ્રિજરાજસિંહ ગોહિલ, ગુજરાત યુવા કોળી સેના અધ્યક્ષ દિવ્યેશભાઈ સોલંકી સહિત સંગઠનના હોદેદારો તથા મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા અને ઉદ્ઘાટન સમારોહને સફળ બનાવવા માટેની વ્યૂહરચના પર ચર્ચા કરી હતી.

# ઈલેક્ટ્રીકલ વાહનોની આજીવન કરમાફીમાં વધારો, હવે કોર્પોરેશન ૫૦% જ વસૂલશે

### કોર્પોરેશને ગત વર્ષે ૩૩ ટકા કર માફ કરવાની જાહેરાત કરી હતી જેમાં વધારીને ૫૦ ટકા કરાઈ

ભાવનગર,તા.૧૯

મહાનગરપાલિકામાં તા.૩૧ જાન્યુઆરી ૨૦૨૪થી મંજુર કરેલ વાહન કરના દરો મુજબ તા.૦૧ એપ્રિલ ૨૦૨૪થી આજીવન વાહન કર વસુલ કરવામાં આવે છે, પણ ઈલેકટ્રીક વાહનોની ખરીદીમાં પ્રોત્સાહન આપવા માટે વર્ષ ૨૦૨૪-૨૫માં ખરીદવામાં આવતા ઈલેકટ્રીક વાહનો ઉપર ભરવાપાત્ર વેરાની રકમનો ૨/૩ વાહનકર માફ તેમજ વર્ષ ૨૦૨૫-૨૬માં ખરીદવામાં આવતા ઈલેકટ્રીક વાહનો ઉપર ભરવાપાત્ર વેરાની રકમમાં ૧/૩ વાહનકર માફ કરવામાં આવ્યો હતો.

અન્ય મહાનગરપાલિકાઓની તુલનાએ ભાવનગર મહાનગરપાલિકાનાં વાહન કરના દરો પ્રમાણમાં ઓછા હોય ભાવનગર મહાનગરપાલિકાની આવકમાં વધારો થાય અને શહેરના રહિશોને માળખાકીય સુવિધાઓ વધુ સારી રીતે પુરી પાડી શકાય તેમજ ઈલેકટ્રીક વાહનોની ખરીદીને પ્રોત્સાહન આપવાનાં હેતુસર આગામી નાણાંકીય વર્ષ ૨૦૨૬-૨૦૨૭થી વાહન કરનાં દરો વધારવાની દરખાસ્ત વિભાગ દ્વારા સ્ટેન્ડીગ કમીટી સમક્ષ મુકી હતી, પરંતુ તે નામંજુર કરવામાં આવી હતી. તેમ છતા ઈલેકટ્રીકલ વાહનોની ખરીદીમાં પ્રોત્સાહન આપવા માટે એપ્રિલ-૨૦૨૯થી ખરીદવામાં આવતા ઈલેકટ્રીક વાહનો ઉપર ભરવાપાત્ર વેરાની રકમનો આજીવન ૫૦% વાહનકર માફ કરવા દરખાસ્તમાં જણાવાયુ હતુ.

કમિટીમાં ચર્ચા-વિચારણા કરીને વાહન કરના હાલના દરો યથાવત રાખવા તથા એપ્રિલ-૨૦૨૬ થી ખરીદવામાં આવતા ઈલેકટ્રીક વાહનો ઉપર ભરવાપાત્ર વેરાની રકમનો આજીવન ૫૦% વાહનકર માફ કરવાનો સ્ટેન્ડીગ કમિટીમાં દ્વારા નિર્ણય લેવામાં આવ્યો હતો, જેને આગામી ૨૮મી નવેમ્બરે મળનારી સાધારણ સભામાં મંજૂરીની મહોર લાગશે.

# ભાવનગર મહાપાલિકાને નેશનલ વોટર એવોર્ડ થયો એનાયત



ભારત સરકારના મીનીસ્ટ્રી ઓફ જલ શક્તિ મંત્રાલય દ્વારા સમગ્ર ભારત માટે જાહેર કરેલ ‘છઠ્ઠા નેશનલ વોટર એવોર્ડ’માં ‘બેસ્ટ ULB (અર્બન લોકલ બોડી એટલે કે મહાનગરપાલિકા)’ કેટેગરીમાં ભાવનગર મહાનગરપાલિકાએ સમગ્ર દેશમાં બીજો ક્રમ પ્રાપ્ત કરેલ. જે અંતર્ગત મંગળવારે નવી દિલ્લી ખાતે યોજાયેલ એવોર્ડ વિતરણ સમારોહમાં દેશના મહામહિમ રાષ્ટ્રપતિની ગરીમામય ઉપસ્થિતિમાં ભારત સરકારના જળસંચય મંત્રાલયના કેન્દ્રીયમંત્રી સી.આર. પાટીલના હસ્તે ભાવનગર મહાનગરપાલિકાને એવોર્ડ અને રોકડ પુરસ્કાર એનાયત થયેલ છે. જેને ભાવનગર મહાનગરપાલિકાના મેયર અને કમિશનર દ્વારા એવોર્ડ વિતરણ સમારોહમાં રૂબરૂ ઉપસ્થિત રહીને સ્વીકારવામાં આવ્યો હતો.

# તરસમીયા ફિલ્ટર હેઠળના વિસ્તારોમાં પાણીનો પોકાર ઉઠયો

### લાઈનમાં ભંગાણ થતા છતે પાણીએ લોકો વંચિત રહ્યા, વોટર વર્કસ વિભાગને થઈ પડી દોડધામ

ભાવનગર,તા.૧૯

શહેરના તરસમીયા ફિલ્ટર હેઠળના વિસ્તારોમાં ચાર દિવસમાં ત્રણ દિવસ પાણી કાપ રહેતા પાણીનો કકળાટ વ્યાપ્યો હતો, ગત શનિવારે મહાપાલિકાના ફિલ્ટર વિભાગે અચાનક શટડાઉન લીધુ હતુ તેથી તરસમીયા ફિલ્ટર હેઠળના વિસ્તારોમાં પાણી આવ્યુ ન હતુ, જયારે રવિવારે પાણી આવ્યુ હતુ, ત્યારબાદ બુધેલ પાસે પાણીની મેઈન લાઈનમાં ભંગાણ થતા સોમવારે તરસમીયા ફિલ્ટર હેઠળના તમામ વિસ્તારમાં પાણી આવ્યુ ન હતુ, જયારે મંગળવારે પણ પાણીની લાઈનનું રીપેરીંગ કામગીરી શરૂ હોવાથી સાંજ સુધી પાણી આવ્યુ ન હતું. સાંજ બાદ રાબેતા મુજબ કેટલાક વિસ્તારમાં પાણી આપવામાં આવ્યુ હતુ.

કાળિયાબીડ, ભરતનગર, ગાયત્રીનગર, તળાજા રોડ, દેવરાજનગર, ઘોઘા રોડ સહિતના ૨૦ થી વધુ વિસ્તારમાં પાણીનો કકળાટ સાંભળવા મળ્યો હતો તેથી લોકો પરેશાન થઈ ગયા હતાં. પીવાનું પાણી પણ ન હોવાથી લોકોમા રોષ ભભુકયો હતો તેથી લોકોએ દેકારો કર્યો હતો, જેના પગલે વોટર વર્કસ વિભાગની દોડધામ વધી હતી. પીવાનું પાણી નહીં આવતા લોકોએ ટેન્કર મંગાવવાની નોબત આવી હતી.

### રિંગરોડ પર પાણીની નદી વહી

ભાવનગરના તરસમીયા ફિલ્ટર તળેના વિસ્તારોમાં પાણી વિતરણ વ્યવસ્થા ખોરવાતા દેકારો બોલ્યો છે બીજી બાજુ રિંગરોડ પર પાણીની નદી વહી હતી. કોર્પોરેશન દ્વારા રિપેરિંગના ભાગરૂપે જ પાણીની લાઈન ખાલી કરવી પડી હોવાથી રસ્તા પર મોટી માત્રાના જથ્થો વહાવ્યો હોવાનું માનવામાં આવી રહ્યું છે.



તસવીર : ધવલ વાજા

# વીજતાર કાળ બનીને તૂટી પડતા વાડીએ બેઠેલા ખેડૂતનું મોત

### જેસરના બિલા ગામે બનેલા બનાવથી વીજ તંત્રની બેદરકારી સામે લોકોમાં ભારે રોષ

ભાવનગર,તા.૧૯

જેસરના બિલા ગામે વીજ કરંટ લાગવાથી એક ખેડૂતનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. PGVCLની બેદરકારીના કારણે 11 KVનો વીજ તાર તૂટી પડતા આ દુર્ઘટના બની હોવાનું સામે આવ્યું છે.

મૃતક ખેડૂતનું નામ નાથાભાઈ કુરજીભાઈ કાછડીયા છે. તેઓ પોતાની વાડીમાં બેઠા હતા ત્યારે ઉપરથી પસાર થતો 11 KVનો વીજ તાર અચાનક તૂટી પડ્યો હતો. તાર તૂટતા જ તેમને ગંભીર ઈલેક્ટ્રિક શોર્ટ લાગ્યો અને તેમનું ઘટનાસ્થળે જ અવસાન થયું હતું. આ ઘટનાને પગલે ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિકોએ વીજ વિભાગ (PGVCL) પર સમયસર સમારકામ ન કરવાની અને જાળવણીમાં બેદરકારી દાખવવાનો આરોપ લગાવ્યો છે.

SAANS અભિયાન હાથ ધરાયું

# ન્યુમોનિયા કારણે થતા બાળ મૃત્યુને શૂન્ય કરવા અભિયાન

### આરોગ્ય શાખા અને અંધ ઉદ્યોગ શાળાના સંયુક્ત ઉપક્રમે આશા સંમેલન યોજાયું

ભાવનગર,તા.૧૯

ભાવનગર આરોગ્ય શાખા અને અંધ ઉદ્યોગ શાળા ભાવનગરના સંયુક્ત ઉપક્રમે આશા સંમેલનનું યોજાઈ ગયું. ન્યુમોનિયા કારણે થતા બાળ મૃત્યુને શૂન્ય સુધી પહોંચાડવાના હેતુથી ભારત સરકાર અને ગુજરાત સરકારની માર્ગદર્શિકા મુજબ ભાવનગર જિલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા SAANS (Social Awarness & Action to Nutralize Anemiya succcessfully) અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

આ અભિયાન અંતર્ગત આજે યોજાયેલા કાર્યક્રમમાં



પ્લાન ઈન્ડિયા દ્વારા અમલિત સેલ્ફ-કેર ફોર ન્યૂ મોમ્સ એન્ડ કિડ્સ અંડર-૫ પ્રોજેક્ટનાં સહયોગથી આશરે ૧૫૦૦ જેટલી આશા બહેનોને IEC સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ IEC સામગ્રીના ઉપયોગથી આશા બહેનો ૬ વર્ષથી નાનાં બાળકોના માતા-પિતાનું કાઉન્સેલિંગ કરી તેઓને ન્યુમોનિયા નિવારણ અંગે જાગૃત કરશે.

આ કાર્યક્રમમાં ભાવનગર જિલ્લાના વિવિધ વિસ્તારોમાંથી ઉપસ્થિત રહેલી ૧૫૦૦ જેટલી આશા બહેનોએ સક્રિય ભાગ લીધો અને અભિયાનને સફળ બનાવવા પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે આશા બહેનોને બેગ, વોટરબેગ, આશા ડાયરી, બોલપેન તેમજ અન્ય વસ્તુઓ પ્રોત્સાહન રૂપે આપવામાં આવેલ હતા.

ભાવનગર ખાતે આયોજિત આ કાર્યક્રમમાં ડૉ. ચંદ્રમણી કુમાર, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. કોકીલાબેન સોલંકી, આર.સી.એચ.ઓ. ડૉ. મનસ્વિની માલવિયા અને અમિત રાજ્યગુરુ ઉપરાંત લાભુભાઈ સોનાણી, જનરલ સેક્રેટરી વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# વિકાસ કામો માટે મનપાએ ઈનોવેટિવ સૂચનો મંગાવ્યા

### બજેટમાં સૂચનો સમાવી શકાય તે હેતુથી ૨૦મી સુધીમાં પત્ર કે ઈમેઈલ દ્વારા મોકલી શકાશે

ભાવનગર,તા.૧૯

ભાવનગર મહાનગરપાલિકા દ્વારા નાણાંકીય વર્ષ ૨૦૨૬-૨૭ના વર્ષ માટે અંદાજપત્ર (બજેટ) તૈયાર કરવાની કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે.

ભાવનગર શહેરી વિસ્તારમાં ભૌતિક તેમજ માળખાકીય સુવિધાઓ, પ્રાથમિક શિક્ષણ, બાળ અને મહિલા વિકાસ, વગેરે જેવી બાબતોમાં વધુ અસરકારક રીતે લાભ આપી શકાય તેવા ઉમદા હેતુને સાકાર કરવા શહેરના નાગરિકો પાસેથી Innovative પ્રોજેકટ બાબતે સુચનો ભાવનગર મહાનગરપાલિકાની મુખ્ય કચેરીની કેન્દ્રીય રજીસ્ટ્રી શાખામાં રજુ કરી શકશે અથવા BMC BUDGET 2026-27 શીર્ષક હેઠળ comm-bmc@gujarat.gov.in પર e-mail થી મોકલી શકશે. સામાન્ય કામગીરીથી અલગ Innovative કામના સુચનોને ધ્યાને લઈ રૂબરૂ મુલાકાતનું આયોજન કરવામાં આવશે. સુચનો મોકલવા અર્થેની આખરી તારીખ ૨૦-૧૧-૨૦૨૫ છે. શ્રેષ્ઠ અને વ્યવહારુ સુચનનો ભાવનગર મહાનગરપાલિકાના વર્ષ ૨૦૨૬-૨૭ના અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવશે તેની તમામ નાગરિકોએ નોંધ લેવા અને ભાવનગર શહેરને વધુ સ્વચ્છ, વધુ સુંદર અને વધુ સુવિધાસભર અને સમૃધ્ધ બનાવવા આ ઉમદા કાર્યમાં સહભાગી થવા તમામ શહેરીજનોને નમ્ર અપીલ કરાઈ છે.

# સુરકામા યોજાયેલી શોકસભામાં માતા અને સંતાનોના આત્માની શાંતિ માટે પ્રાર્થના

### ફોરેસ્ટ અધિકારીના હાથે પત્ની અને સંતાનોની હત્યાની ઘટનામાં નયનાબેનનાં પિયરમાં યોજાઈ શોકસભા

ભાવનગર,તા.૧૯

ભાવનગરના ફોરેસ્ટ ઓફિસરે પોતાના જ સંતાનો સાથે તેમની પત્ની હત્યા કરી નાખી છે. ત્યારે આ બનાવથી સૌ કોઈને આઘાત લાગ્યો છે. આ બનાવમાં મૃતક મહિલાનાં પિયરમાં અને બાળકોના મોસાળ સિહોરના મોટા સુરકા ગામે શોકસભા યોજાઈ હતી. જેમાં બહોળી સંખ્યામાં સમાજના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

મૃતકોના આત્માઓને શાંતિ માટે પ્રાર્થના કરવામાં આવી હતી. અને આક્રોશ સાથે આ બનાવમાં દોષિત જાહેર થયેલા આરોપી સામે કડકમાં કડક સજા ફટકારવામાં આવે તેવો એક સુર રહ્યો હતો.

સિહોર તાલુકાના મોટા સુરકા ગામના કાળુભાઈ જોટાણાના દિકરી નયનાબેન અને તેઓના ભાણેજ પૃથા અને ભવ્યની હત્યાનો બનાવ બનતા સમગ્ર સમાજમાં તેમજ મોટા સુરકા ગામે શોકની લાગણી વ્યાપી ગઈ છે. આ બનાવમાં મૃતક નયનાબેનનાં પતિ અને બંને બાળકોનાં પિતા વન વિભાગમાં ફરજ બજાવતા શૈલેષ ખાંભલ્યા દ્વારા ક્રુરતાની હદ વટાવી હત્યા કરી છે. ત્યારે સમસ્ત સમાજમાં તેઓની સામે ફીટકાર વરસી રહ્યો છે. મૃતક નયનાબેનના પિયર મોટા સુરકા ગામે શોકસભા યોજાઈ હતી. જેમાં મૃતકના સમાજના આગેવાનો અને લોકો તેમજ ઈતર સમાજના આગેવાનો અને લોકો ઉપસ્થિત રહી નયનાબેનનાં પરિવારજનોને સાંત્વના આપી હતી અને સાથે સાથે આ બનાવમાં દોષિત જાહેર થયેલા આરોપીને કડકમાં કડક સજા ફટકારવામાં આવે જેથી કરીને ભવિષ્યમાં પણ આવી ઘટનાઓનું પુનરાવર્તન ન થાય તેવી માંગ ઉઠી હતી.

# ઝેરી મધમાખીએ ડંખ દેતા રેલિયા ગામના વૃદ્ધા ગંભીર

### ગોપનાથ પાસેના બનાવમાં માખીઓના ઝુંડને પક્ષીએ ચાંચ મારતા માખીઓ વિફરી, પરિવારના ત્રણ લોકોને કરડી ગઈ

ભાવનગર,તા ૧૯

પ્રસિદ્ધ તિર્થધામ ગોપનાથ નજીક રેલીયા ગામના રહીશો વાડીએ હતા. એ સમયે ત્રણ વ્યક્તિને માખીઓના ઝુંડે ડંખ દેતા તમામને ૧૦૮ દ્વારા તળાજાની સરકારી હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા. જયાં વૃદ્ધાને વધુ સારવારની જરૂર હોય ભાવનગર રીફર કરવામાં આવ્યા છે.

રેલીયા ગામના ખેડૂત પરિવારના નંદુબેન ધનજીભાઈ (ઉ.વ.૮૫), અમિત ગોબરભાઈ (ઉ.વ.૧૦) અને ગોબર ધનજીભાઈ (ઉ.વ.૫૫) ને મધમાખીઓના ઝુંડ કરડી જતા ત્રણેયને સારવાર અર્થે તળાજા લાવ્યા હતા. સરકારી હોસ્પિટલમાંથી નંદુબેનને વધુ સારવારની જરૂર જણાતા ભાવનગર રીફ્ટ કરાયા હતા. ગોબરભાઈએ જણાવ્યું હતુ કે, વૃક્ષ પર માખીઓનું મોટું ઝુંડ છે. તેને પક્ષી દ્વારા ચાંચ મારવામાં આવતા માખીઓ નંદુબાને કરડવા લાગી હતી. આથી પોતે અને બાળક ગોદડું ઓઢાડવા જતા પોતાને પણ કરડી ગઈ હતી. દહેશત વ્યક્ત કરી હતી કે, ગોપનાથ જતા જ રસ્તા પર જ માખીઓ વૃક્ષ પર છે. અહીંથી તેને હટાવવામાં નહિ આવે તો સ્થાનિક રહીશો અને યાત્રિકો પર ખતરો રહેલો છે.

# વલ્લભીપુર માર્કેટિંગયાર્ડમાં ટેકાના ભાવે કપાસની ખરીદીનો પ્રારંભ

### કમોસમી વરસાદના કારણે થયેલ નુકસાન બાદ ખેડૂતોને મળશે રાહત



તસવીર : ધર્મેન્દ્રસિંહ સોલંકી

વલભીપુર,તા.૧૯

વલ્લભીપુર માર્કેટિંગ યાર્ડમાં ટેકાના ભાવે કપાસની ખરીદી શરૂ કરવામાં આવી છે. ગઈકાલે તા.૧૮ને મંગળવારથી ફક્કડાનાથ જીન ખાતે ખેડૂતો પાસેથી કપાસ ખરીદવામાં આવી રહ્યો છે. આ નિર્ણયથી કમોસમી વરસાદથી નુકસાન ભોગવી રહેલા ખેડૂતોને રાહત મળશે.

તાજેતરમાં ગુજરાતભરમાં કમોસમી વરસાદ વરસ્યો હતો, જેના કારણે ખેતરોમાં ઊભા પાક અને લણણી કરેલા પાકને ભારે નુકસાન થયું હતું. આર્થિક નુકસાન વેઠી રહેલા ખેડૂતોની માંગણી બાદ ગુજરાત સરકારે ટેકાના ભાવે પાકની ખરીદી કરવાની જાહેરાત કરી હતી.વલ્લભીપુર એપીએમસીના ચેરમેન નીતિનભાઈ ગુજરાતી, ભાજપના તાલુકા શહેર પ્રમુખ અને ડિસ્ટ્રિક્ટ બેંકના ડાયરેક્ટર અજીતસિંહ ગોહિલ, ભાજપના કાર્યકર્તાઓ અને એપીએમસીના ડાયરેકટરો દ્વારા લીલી ઝંડી આપી નાળિયેર વધેરી ખરીદીનું મુહૂર્ત કરવામાં આવ્યું હતું. વધુમાં વધુ ખેડૂતો સરકારીની ટેકાના ભાવની ખરીદીનો લાભ લે તેવું એપી.એમ.સી.ના ડાયરેકટર દ્વારા અપીલ કરવામાં આવી હતી.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)